# પ્રભુનો આત્મા આપણું બદલાણ કરે છે. અને આપણને સારા (ઉત્તમ) કરે છે.

**પ્રાર્થના :** ''વહાલા પ્રભુ, આ અભ્યાસ બાળકો તમને સારી રીતે ઓળખી શકે તે માટે વાપરવા મદદ કરો. પવિત્ર આત્મા તમને બદલે અને દોરે.''

સ્થાનિક રિવાજો કે જેમાં બાળકોની જરૂરિયાત જળવાય તેવી પ્રવૃત્તિઓ પસંદ કરો.

પ્રેરિતોના **કૃત્યો ૬ :૮-૧૫ અને ૭ :૫૧- ૬૦** વાંચી સ્તેફનની શહાદત વિષે પાઠ તૈયાર કરો. ઈસુના હિંમતવાન સાક્ષી તરીકે સ્તેફનને કેવી રીતે બનાવા, સ્તેફને શું કહ્યું અને યહુદી આગેવાનોના આ અંગે પ્રત્યાઘાત ને શોધી કાઢો.



મોટા બાળકને આ વાર્તા કહેવા તૈયાર કરો. પછી બાળકોને પૂછો :

- સ્તેફન ક્યા પ્રકારના માણસ હતા ?
- શા માટે કેટલાંક આગેવાનો એ ખાનગીમાં લોકોને સ્તેફન વિષે જુઠું બોલવા સમજાવ્યા ?
- મૃત્યુ પહેલાં સ્તેફનનો ચહેરો કેવો દેખાતો હતો ?
- મૃત્યુ પૂર્વે સ્તેફને કોને જોયા ?
- શા માટે કેટલાંક લાકો સ્તેફન પર ગુસ્સે થયા ?
- સ્તેફનના છેલ્લા શબ્દો ક્યા હતાં ?

**જૂઠા આક્ષેપોનું દુઃખ**

- જે કામ તમે કર્યું નથી તે વિષે કોઈ જૂઠું બોલે કે તમે જ કર્યું છે તેવા સમયનાં વિચાર કરવા બાળકોને કહો.
- તમને જુઠ્ઠા આક્ષેપોમાં ફસાવે ત્યારે તમે શું કરો ?

સ્તેફનની શહાદત વાતનું નાટક ભજવો. ભજનસેવા વખતે આ નાટક સભાસદો સમક્ષ ભજવો . મોટા બાળકોને શાઉલ, સ્તેફન અને નાના બાળકોને દલીલ કરતા લોકોના પાત્રો ભજવવા માટે તૈયાર કરો.

**શાઉલ** : ''હું પ્રેરિત પાઉલ છું. મેં ખ્રિસ્તને ઓળખ્યો તે પહેલાં જ્યારે હું 'શાઉલ' હતો ત્યારે મેં શું જોયું તે વિષે કહેવા દો . (પ્રે.કૃ. ૬ :૮ ની કલમનો પ્રથમ ભાગ વાંચો)

**સ્તેફન** : (એક તરફ ઊભો છે)

**આક્ષેપ કર્તા નં.૧ :** (સ્તેફનને બતાવતા, ગુસ્સામાં બૂમો પાડે છે) ''અમે સ્તેફનને મુસા અને ઈશ્વર વિષે દુર્ભાષણ કરતા સાંભળ્યો છે''

**શાઉલ** : (પ્રે.કૃ. ૬ :૧૨ ની અને ૧૩મી કલમનો પ્રથમ ભાગ વાંચે)

**આક્ષેપ કર્તા નં.૨ :** (પ્રે.કૃ. ૬ : ૧૩-૧૪ ગુસ્સામાં જોરથી ટાંકે)

**શાઊલ** : (પ્રે.કૃ. ૬ :૧૫ અને ૭ :૧ વાંચો છે)

**સ્તેફન** : (પ્રે.કૃ. ૭ :૨-૩ સ્તેફનના શબ્દો વાંચે)

**શાઊલ** : ''સ્તેફન ઈસ્રાએલનો ઈતિહાસ ટૂંકમાં જણાવે

**સ્તેફન** : (પ્રે.કૃ. ૭ :૫૧ - ૫૧ વાંચે)

**શાઊલ** : (પ્રે.કૃ. ૭ :૫૪-૫૫ વાંચે)

**સ્તેફન** : (પ્રે.કૃ. ૭ :૫૬ માં લખેલા શબ્દો વાંચે)

**આક્ષેપ કર્તાઓ** : (દોડે અને સ્તેફનને ઓરડાની બીજી તરફ ખેંચે)

**શાઊલ** : (પ્રે.કૃ. ૭ :૫૭-૫૮ ને શાઊલ હતો તેનો ખુલાસો કરે છે)

**દલીલ કર્તાઓ** : સ્તેફનને પથ્થરો મારવાનો દેખાવ કરો.

**સ્તેફન** : (પ્રે.કૃ. ૭ :૫૯-૬૦ માના સ્તેફનનો શબ્દો વાંચે)

**પવિત્ર આત્માએ સ્તેફનને શું કરવા શક્તિમાન બનાવ્યો તે અંગે મોટાઓને બાળકો ભાગ-૧ માંથી તૈયાર કરેલાવડે પ્રશ્નો પૂછવા દો.**

**ગીત : યશાયાહ ૬૧ :૧-૨** ના ત્રણ ભાગો ત્રણ બાળકોને શીખવી બોલી જવા દો. તેઓ પુષ્પો માટે પણ બોલી શકે.

પ્રભુઓના પ્રભુનો આત્મા મારી ઉપર છે. કારણ કે પ્રભુએ મને ગરીબોને સુવાર્તા પ્રગટ કરવા પસંદ કર્યો છે. હતાશ દિલોને સાંત્વન આપવા મને મોકલ્યો અને ગુલામોને આઝાદી પ્રગટ કરવા અને બંદીવાનોને અંધકારમાં થી છોડાવવા

પવિત્ર આત્માના કામો દાખલા આપી સમજાવો.

- પવિત્ર આત્મા શું કરે છે તે બતાવવા તુટેલી સાંકળ નું ચિત્ર બાળકો ને દોરવા દો.
- બાળકો મોટાને ચિત્ર બતાવે અને વર્ણન કરે કે પવિત્ર આત્મા આપણને પ્રભુનું સામર્થ્ય આપણને સંતાનની બીક ભુંડાઈ અને મૃત્યુથી છોડાવે છે. યોહાન ૨૦ : ૨૨ મુખપાઠ કરો મોટા બાળકો, એફેસી ૧ :૧૩,૧૪ મુખપાઠ કરો.



બાળકો મોટાને ચિત્ર બતાવે અને વર્ણન કરે કે પવિત્ર આત્મા આપણને પ્રભુનું સામર્થ્ય આપણને સંતાનની બીક ભુંડાઈ અને મૃત્યુથી છોડાવે છે.

યોહાન ૨૦ : ૨૨ મુખપાઠ કરો મોટા બાળકો, એફેસી ૧ :૧૩,૧૪ **મુખપાઠ કરો.**

આત્મિક ફળ વર્ણાવો - ગલાતી ૫ :૧૯ -૨૫ વાંચો.

પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે શારીરિક ભુંડા કાર્યો (પાપી કૃત્યો) અને સામે આપેલા સદ્ગુણો જે પવિત્ર આત્મા આપણામાં પછીથી આવવાથી આવે છે તે વર્ણવો.

**શરીરના કાર્યો અને આત્મિક ફળ**

| | |
|---|---|
| શરીરના કાર્યો : પાપોને લીધે લોકો ભૂંડા કામો કરે છે. ગલાતી ૫ :૧૯ - ૨૧ | આત્મિક ફળ : પવિત્ર આત્મા આપણને સારા કામો કરવા માટે મદદ કરે છે. ગલાતી ૫ :૨૨ -૨૩ |
| જાતિય અનૈતિકતા - દાઉદને બીજા માણસની પત્ની જોઈતી હતી. | <u>પ્રેમ</u> - દાઉદે પસ્તાવો કર્યો. પ્રભુને સહૃદય રહ્યા ૨ શમુએલ ૧૧, ગીત ૪ |
| અપવિત્રતા : વ્યભિચાર, ઉડાઉ દીકરો ખરાબ રીતે જીવ્યો. | <u>આનંદ</u>- તે પસ્તાવો કરીને પાછો ફર્યો અને આનંદિત થયો લુક૧૫:૧૧-૩૨ |
| મૂર્તિપૂજા : જાદુવિદ્યા, એઝરાના સમયમાં લોકોએ મૂર્ખ મૂર્તિઓ પાસે શાંતિ શોધી | <u>શાંતિ</u> - એઝરાએ તેના ઈસ્ત્રાએલી લોકો માટે ઈશ્વરમાં શાંતિ શોધી એઝરા ૯. |
| ધિક્કાર : શાઉલે વિશ્વાસીઓને ધિક્કાર્યા અને તેમની સતામણી કરી. | <u>ધીરજ</u> - શાઉલ ખરાબ વર્તન સામે સહન કરવાનું શીખ્યો. પ્રે.કૃ. ૯ |
| કુસંપ અદેખાઈ તેના ભાઈ યુસફને યહુદાએ અદેખાઈને લીધે ગુલામ તરીકે વેચી દીધો. | <u>માયાળુપણું</u> - પાછળથી યહુદાએ પુષ્કળ ભલાઈ દેખાડી ઉત્પત્તિ ૩૭ અને ૪૪ |
| ગુસ્સાનો હુમલો યોહાને તેના શત્રુઓ નો નાશ કરવા અગ્નિ માંગ્યો. | <u>ભલાઈ</u> - યોહાને પાછળથી ઘણી ભલાઈ દર્શાવી. યોહાન ૯ :૫૪ |
| સ્વાર્થી મહત્વકાંક્ષા યાકુબે જ્યેષ્ટપણા માટે એસાવ ઉપર કપટભરી યુક્તિ અજમાવી. | <u>વિશ્વાસ</u> - યાકૂબે મદદ માટે ઈશ્વર ઉપર ભરોસો રાખવાનું શીખ્યો, ઉત્પત્તિ ૨૫ :૨૯-૩૪ અને ૨૭ અને ૪૭ મો અધ્યાય. |
| મનદુ:ખ, ભાગલા, ઈર્ષા અત્યોખના વિશ્વાસીઓમાં ભાગલા પડયા. | <u>નમ્રતા</u> - અંત્યોખના વિશ્વાસીઓએ એકતા શોધી. પ્રે.કૃ. ૧૫ |
| છાકટાપણું, વ્યભિચાર કોરંથીઓમાં આવા દુર્ગુણો હતા. | <u>સ્વકાબુ</u> - પવિત્ર આત્મા દ્વારા કોરંથીઓ ધોવાઈને પવિત્ર થયા હતા કોર. ૬ :૯-૧૧ |